પાના ૮ કિંમત રૂ.૨/-
email : gujarati@westerntimes.co.in
www.westerntimesnews.in
અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

આજનો **સુવિચાર**
હે પ્રભુ ! અહં મમત્વથી રક્ષા કરજો અને તમારે વિષે પ્રીતિ થજો.


# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD)
ગુજરાતી ડેઈલી
Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

રવિવાર, તા.૨૯ જાન્યુઆરી, ૨૦૨૩
29/1/2023 * VOL : 43 * NO. 135 સંવત- ૨૦૭૮, મહા સુદ-૮

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad **Editor :** Nikunj R. Patel
**RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **ફોન :** ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૧


# એકતાની વિરૂધ્ધ હોય તેવી બાબતોથી દૂર રહો : વડાપ્રધાન

## ભગવાનનો જન્મ કમળ પર થયો અને અમારો જન્મ પણ કમળથી થયો : મોદી

**(એજન્સી) ભીલવાડા,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે રાજસ્થાનના ભીલવાડાની મુલાકાત લીધી હતી. પીએમ મોદીએ ભીલવાડામાં ગુર્જર સમુદાયના દેવતા દેવનારાયણના ૧૧૧૧મા અવતાર દિવસ પર આયોજિત કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. પીએમ મોદીએ ભગવાન દેવનારાયણને અવતાર ગણાવતા કહ્યું કે દરેક વર્ગને તેમનામાં શ્રદ્ધા છે. તેઓ આજે પણ જાહેર જીવનમાં પરિવારના વડા જેવા છે.

પીએમ મોદીએ કહ્યું કે તેઓ ભગવાન દેવનારાયણના આશીર્વાદ લેવા આવ્યા છે. તેમણે ભગવાન દેવનારાયણના જીવનની ચર્ચા કરી અને કહ્યું કે તેમણે સુખ-સુવિધાઓને બદલે સેવા અને લોકકલ્યાણનો મુશ્કેલ માર્ગ પસંદ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે ભગવાન દેવનારાયણે બતાવેલ માર્ગ દરેકના વિકાસ માટે છે. આજે દેશ આ માર્ગ પર ચાલી રહ્યો છે.

તેમણે ઉમેર્યું કે, દેશ છેલ્લા આઠ-નવ વર્ષથી માત્ર ઉપેક્ષિત, વંચિત લોકોને પ્રાથમિકતા આપવાના મંત્ર પર ચાલી રહ્યો છે. આજે દરેક લાભાર્થીને વિનામૂલ્યે રાશન મળી રહ્યું છે. પીએમએ કહ્યું કે અમે આયુષ્માન ભારત યોજનાથી હોસ્પિટલમાં સારવારની ચિંતા દૂર કરી છે. તેમણે કહ્યું કે અમે ઘર-વીજળી-ગેસની ચિંતા પણ દૂર કરી રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે આપણે એવી વસ્તુઓથી દૂર રહેવું પડશે જે દેશના નાગરિકોની એકતા વિરુદ્ધ છે. આપણે દુનિયાની અપેક્ષાઓને ધમકાવવાની છે. દરેકના પ્રયત્નોથી, ભગવાન દેવનારાયણજીના આશીર્વાદથી, આપણને સફળતા મળશે. તેમણે કહ્યું કે ભગવાન દેવનારાયણ કમળ પર ઉતર્યા હતા અને G-20ના લોકોએ પણ આખી પૃથ્વી કમળ પર બિરાજમાન કરી દીધી છે. પીએમ મોદીએ કહ્યું કે અમે એવા લોકો છીએ જેમનો કમળ સાથે ઊંડો સંબંધ છે. અમારો તમારી સાથે ઊંડો સંબંધ છે સરકારી મદદ માટે ટળવળતા નાના ખેડૂતોને પણ સીધી મદદ કરાઈ રહી છે. પીએમ મોદીએ કિસાન સન્માન નિધિ પર ચર્ચા કરી અને કહ્યું કે ભગવાન દેવનારાયણે ગાય સેવાને સમાજના સશક્તિકરણનું માધ્યમ બનાવ્યું. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશ પણ આ દિશામાં આગળ વધ્યો છે. દેશમાં કરોડો પશુઓને મફત રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે પ્રથમ વખત ગૌ-કલ્યાણ માટે રાષ્ટ્રીય કામધેનુ પંચની રચના કરવામાં આવી પશુધન માત્ર આપણા વિશ્વાસનો જ મજબૂત ભાગ નથી, પરંતુ ગ્રામીણ અર્થવ્યવસ્થાનો પણ એક મજબૂત ભાગ છે. તેમણે કહ્યું કે ગોવર્ધન યોજના પણ ચાલી રહી છે, જે ગાયના છાણને વીજળીમાં પરિવર્તિત કરવાનું અભિયાન છે.

ભારત માત્ર એક ભૂમિ નથી, તે એક લાગણી છે. આપણા વૈચારિક વારસાને તોડવાના પ્રયાસો થયા. પીએમ મોદીએ ગુર્જર સમુદાયના ભવ્ય ભૂતકાળની ચર્ચા કરી અને કહ્યું કે આ સમાજ વીરતા અને બહાદુરીનું પ્રતિક રહ્યો છે. તેણે કહ્યું કે આ દેશની કમનસીબી છે કે તેને તે સ્થાન ન મળી શક્યું જેની તે હકદાર હતી. આજનું નવું ભારત દાયકાઓ પહેલાં થયેલી ભૂલોને પણ સુધારી રહ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જમ્મુ-કાશ્મીરઃ ‘ભારત જોડો યાત્રા’ ફરીથી શરૂ

**(એજન્સી) શ્રીનગર,**
જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસની ભારત જોડો યાત્રા શનિવારે એકવાર ફરીથી શરૂ થઈ ગઈ છે. અવંતીપોરાથી શરૂ થયેલી આ યાત્રામાં મહેબૂબા મુફ્તી પણ સામેલ થયા. આ દરમિયાન રાહુલ ગાંધીની સાથે કોંગ્રેસના અમુક મોટા નેતા અને મોટી સંખ્યામાં કાર્યકર્તા યાત્રામાં જોડાયા. યાત્રા પુલવામાના માર્ગે પંથા ચોક સુધી જશે. પ્રિયંકા ગાંધી પણ આજે ભારત જોડો યાત્રામાં સામેલ થઈ શકે છે. રાહુલ ગાંધીની સુરક્ષાને મુદ્દે રાજકારણ ચાલુ છે. કોંગ્રેસે એક દિવસ પહેલા જ રાહુલ ગાંધીની સુરક્ષામાં ચૂકનો આરોપ લગાવતા યાત્રા રોકી દીધી હતી. જમ્મુ-કાશ્મીરના અધિક મુખ્ય સચિવે કહ્યુ કે સુરક્ષામાં કોઈ ચૂક થઈ નથી. રાહુલ ગાંધીની સુરક્ષામાં ૨૫ કંપનીઓ તૈનાત છે. દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગૃહ મંત્રીને મોકલેલો પત્ર ટ્વીટ કર્યો. જેમાં તેમણે રાહુલ ગાંધીની સુરક્ષાને મુદ્દે સુરક્ષામાં ચૂકનો મુદ્દો ઉઠાવ્યો.

### ન્યુઝીલેન્ડમાં વરસાદથી તબાહી

**(એજન્સી) વેલિંગટન,**
ન્યુઝીલેન્ડના સૌથી મોટા શહેર ઓકલેન્ડમાં વરસાદે તબાહી મચાવી છે. ન્યૂઝીલેન્ડના સૌથી મોટા શહેરમાં શનિવારે રેકોર્ડ વરસાદને કારણે બે લોકોના મોત થયા છે અને અન્ય બે લોકો લાપતા છે. અધિકારીઓએ ઓકલેન્ડ પ્રદેશ માટે કટોકટીની સ્થિતિ જાહેર કરી અને દેશના નવા વડા પ્રધાન ક્રિસ હિપકિંસે લશ્કરી વિમાન દ્વારા પરિસ્થિતિનો તાગ મળવ્યો હતો. તમને જણાવી દઈએ કે, જેસિન્ડા આર્ડનના રાજીનામા બાદ હિપકિંસે શપથ લીધા હતા. હિપકિંસે જણાવ્યું હતું કે, વરસાદની શહેરને ઝડપથી અસર થઈ હતી. તેણે ઓકલેન્ડવાસીઓને વધુ વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહેવાની સલાહ આપી છે. આ પહેલા એરપોર્ટ પર તમામ ફ્લાઈટ્‌સ સ્થગિત કરવામાં આવ્યા બાદ અને ટર્મિનલના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ જતાં સેંકડો લોકો રાત સુધી ઓકલેન્ડ એરપોર્ટ પર ફસાયા હતા. જોકે એર ન્યુઝીલેન્ડે જણાવ્યું હતું કે, શનિવારે બપોરે ઓકલેન્ડની અંદર અને બહાર ડોમેસ્ટિક ફ્લાઈટ્‌સ ફરી શરૂ કરી છે પરંતુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્‌સ ફરી ક્યારે શરૂ થશે તેની ખાતરી નથી.

## સુખોઈ અને મિરાજ ક્રેશ, એક પાઇલટનું મોત

**(એજન્સી) ગ્વાલિયર,**
રાજસ્થાનના મુરૈના અને ભરતપુરમાં શનિવારે સવારે મોટો અકસ્માત થયો હતો. જેમાં એરફોર્સના બે ફાઈટર પ્લેન સુખોઈ-૩૦ અને મિરાજ-૨૦૦૦ ગ્વાલિયરની પાસે ટકરાયાં હતાં અને ક્રેશ થઈ ગયા હતાં.

સુખોઈમાં બે અને મિરાજમાં એક પાઈલટ સવાર હતા. આ ઘટનામાં સુખોઈના બન્ને પાઈટલ સુરક્ષિત રીતે એજેક્ટ થવામાં સફળ થયા છે. પરંતુ મિરાજના પાઈલટનું મોત થઈ ગયું છે. સુરક્ષિત રીતે બચી ગયેલા પાઈટલને ઈજા પહોંચી છે. અને તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ત્રણેય પાઈલટના નામ અને બાકી ડિટેઈલન વિશે એરફોર્સે અત્યારસુધીમાં કંઈ બહાર નથી પાડ્યું.

એરફોર્સનું કહેવું છે કે બન્ને સુખોઈ અને મિરાજને રૂટિન ટ્રેનિંગ માટે ઊડાન ભરી હતી. ભાસ્કરને મળેલી માહિતી પ્રમાણે બન્ને ટ્રેનિંગ વખતે ખૂબ જ નજીકથી ઊડાવી રહ્યા હતા. ત્યારે જ બન્ને એકસાથે ટકરાયા હતા. આ અથડામણના કારણે મિરાજમાં આગ લાગી ગઈ હતી. અને તે મધ્યપ્રદેશના મુરૈનાના પહાડગઢમાં જઈને પડ્યું હતું. મિરાજને સૌથી વધુ નુક્સાન થયું છે. મિરાજના પાઈલટનું મોત થયું છે. ઘટનાસ્થળેથી તેના હાથનો એ વીડિયો ફૂટેજ પણ સામે આવ્યો છે.

અથડાયા પછી સુખોઈમાં આગ લાગી નહોતી, પરંતુ તેના વિંગ્સ તૂટી ગયા હતા. સુખોઈના બન્ને પાઈલટ્‌સ જ્યારે ક્રેશ થવાનું હતું, ત્યારે બન્નેએ પોતાને એજેક્ટ કરી લીધા હતા. બન્ને પેરેશૂટની મદદથી નીચે પડ્યા હતા. આ પછી સુખોઈ પાઈલટ વિના ઘટનાસ્થળેથી અંદાજે ૯૦ કિમી દૂર જઈને રાજસ્થાનના ભરતપુર જિલ્લાના પિંગોરા માં જઈને પડ્યું હતું. ત્યાં હાજર રહેલા લોકોએ વિંગ્સના તૂચી જવાની પુષ્ટી કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે પ્લેન જ્યારે ક્રેશ થયું, ત્યારે તેના વિંગ્સ નહોતા.

આ ઘટનાની ખબર સૌથી પહેલા સવારે ૧૧ વાગેઆવી હતી. ત્યારે ભરતપુરમાં એક ફાઈટર પ્લેન ક્રેશ થઈ હોવાની વાત સામે આવી હતી. પરંતુ ભરતપુર કલેક્ટરે કહ્યું હતું કે ભરતપુરની નજીક ચાર્ટર્ડ પ્લેન ક્રેશ થયું છે. થોડીવાર પછી મુરૈનાથી પણ એક ફાઈટર પ્લેન ક્રેશ થયુંહોવાની વાત સામે આવી હતી.

## ધનબાદની હોસ્પિટલમાં આગ : પાંચના મોત

**(એજન્સી) ધનબાદ,**
ઝારખંડના ધનબાદના પ્રસિદ્ધ ડૉ. સી.સી. હાજરા હોસ્પિટલમાં મોડી રાતે આગ લાગતા હાજરા પરિવારના ૫ લોકો મૃત્યુ પામ્યા. મૃતકોમાં ડૉ. વિકાસ હાજરા, તેમના પત્ની ડૉ. પ્રેમા હાજરા, ભગના સોહેલ કંગારુ, ભોજન રાંધનાર તારા અને ડૉ. વિકાસના મહેમાન સામેલ છે. જોકે ૧૦થી ૧૨ લોકો ઘવાયા હતા. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને પણ આ મામલે ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું હતું.

જોકે આ લોકોના મૃત્યુ દાઝી જવાને લીધે નહીં પરંતુ ઝેરીલા ધૂમાડામાં શ્વાસ રુંધાવાને લીધે થયા હતા. ડૉ. હાજરના બે પાલતુ કૂતરા પણ મૃત્યુ પામ્યા છે. ડૉ. વિકાસ હાજરા હોસ્પિટલના સંસ્થાપક ડૉ. સીસી હાજરાના પુત્ર તથા ડૉ. પ્રેમા હાજરા તેમની પુત્રવધુ હતી. જોકે રાહતના સમાચાર એ છે કે હોસ્પિટલમાંથી તમામ દર્દીઓને બહાર સુરક્ષિત કાઢી લેવાયા હતા.

માહિતી મળતાં જ બેંકમોડ પોલીસ સ્ટેશન તથા ફાયરબ્રિગેડની ટીમ બજાર એક્સચેન્જ રોડ સ્થિત હાજરા હોસ્પિટલ પહોંચી હતી. તમામ શબને કાઢીને એ સ એ ન એ મ એ મ સી એ ચ હોસ્પિટલ મોકલી દેવાયા હતા. જોકે ગંભીર રીતે દાઝેલા અને ઘાયલ ૧૦થી ૧૨ લોકોને નજીકની બીજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ડૉક્ટર પરિવાર સાથે હોસ્પિટલમાં આવેલા આવાસમાં જ રહેતા હતા. માહિતી અનુસાર શોર્ટસર્કિટને લીધે આગ લાગી હતી.

## પાકિસ્તાનના વિકાસ અને સમૃદ્ધિ માટે અલ્લાહ જવાબદારઃ ઈશાક ડાર

**(એજન્સી) ઈસ્લામાબાદ,**
પાકિસ્તાન કંગાળ થઈ રહેલ્યુ હોવા છતાં તેના મંત્રી હજુ પણ નિવેદનબાજી કરતા રોકાઈ રહ્યા નથી. તાજેતરમાં જ નાણા મંત્રી ઈશાક ડારે દેશના લોકોની નારાજગીને ઓછી કરવા માટે ધાર્મિક કાર્ડ રમવાનું શરૂ કરી દીધુ છે. નાણા મંત્રી ઈશાક ડારે શુક્રવારે કહ્યુ કે પાકિસ્તાન ઈસ્લામના નામે સ્થાપિત એકમાત્ર દેશ છે અને તેના વિકાસ અને સમૃદ્ધિ માટે અલ્લાહ જવાબદાર છે.

ગ્રીન લાઈન એક્સપ્રેસ ટ્રેન સેવાના ઉદ્‌ઘાટન સમારોહને સંબોધિત કરતા પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના વરિષ્ઠ નેતાએ કહ્યુ કે તેમને પૂર્ણ વિશ્વાસ છે કે પાકિસ્તાન પ્રગતિ કરશે કેમ કે આ ઈસ્લામના નામે બન્યો છે. ઈશાક ડારે કહ્યુ કે જો અલ્લાહ પાકિસ્તાન બનાવી શકે છે તો તે તેની રક્ષા, વિકાસ અને સમૃદ્ધિ પણ કરી શકે છે. નાણા મંત્રીએ કહ્યુ કે તેઓ વડાપ્રધાન શહબાઝ શરીફના નેતૃત્વમાં પાકિસ્તાનની સ્થિતિને સુધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ઈશાક ડારે પાકિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ માટે ગત સરકાર જવાબદારને ગણાવી છે.

ઈશાક ડારે કહ્યુ કે નવાઝ શરીફના શાસનમાં પાકિસ્તાન પ્રગતિની માર્ગે હતુ પરંતુ તેને પાટા પરથી હટાવી દેવાયુ. લોકો જોઈ શકે છે કે છેલ્લા પાંચ વર્ષમાં દેશને કેટલી બરબાદીનો સામનો કરવો પડ્યો છે. વિદેશી મુદ્રાના અભાવમાં પાકિસ્તાનની સામે જરૂરી વસ્તુઓની ખરીદી માટે પણ ચૂકવણી કરવા લાયક મુદ્રા રહી નથી.

## ભારત જોડો યાત્રાઃ સુરક્ષા મામલે ખડગેએ અમિત શાહને લખ્યો પત્ર

**(એજન્સી) નવીદિલ્હી,**
કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ભારત જોડો યાત્રામાં યોગ્ય સુરક્ષા આપવાની માંગને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં કોંગ્રેસ પાર્ટી તરફથી અનેક માંગો રાખી છે. ખડગેએ અમિત શાહને આ મામલે અંગત રીતે હસ્તક્ષેપ કરવા અને સંબંધિત અધિકારીઓને પૂરતી સુરક્ષા આપવા માટે સૂચનાઓ આપવા અપીલ કરી છે. શુક્રવારે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાના કારણોસર રાહુલ ગાંધીએ તેમની ભારત જોડો યાત્રા સ્થગિત કરી દીધી હતી. ખડગેએ પત્રમાં લખઅયુ કે, હું તમને આ પત્ર આજે ભારત જોડો યાત્રા દરમિયાન થયેલી દુર્ભાગ્યપૂર્ણ સુરક્ષા ચૂકના સબંધમાં લખી રહ્યો છું જેના વિશે તમે અગાઉથી જ માહિતગાર હશો.













# રાજ્યના કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ



**(એજન્સી) અમદાવાદ,**
રાજ્યના ભરશિયાળે વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ગત મોડીરાતથી જ રાજ્યના કેટલાક વિસ્તારોમાં કડાકા ભડાકા સાથે વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં આગાહી વચ્ચે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો છે.

રાજ્યમાં સુરત, ભાવનગર, ભરૂચમાં મોડીરાત્રે માવઠું થયું છે. સાથે જ આ સવારે વડોદરાના કેટલાક વિસ્તારો, પંચમહાલ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. આવામાં ભરશિયાળે ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા છે. કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. ખેતરમાં ડાંગર, બાજરી સહિત અનેક પાકોને નુકસાન થવાની શક્યતા જણાઈ રહી છે. મહીસાગર જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ છે. કમોસમી વરસાદની આગાહી પગલે જિલ્લામાં વરસાદી ઝાપટા પડયા છે. સંતરામપુર ખાનપુર વિરપુર બાલાસિનોર લુણાવાડા કડાણા તેમજ જિલ્લાના અન્ય વિસ્તારોમાં વહેલી સવારે વરસાદી ઝાપટાં પડ્યા છે. ખેડૂતોએ વાવેતર કરેલા ઉભા પાકને નુકસાનની ભીતિ છે. બાજરી, મકાઈ, ચણા સહિત ઘાસચારાને નુકસાનની ભીતિ છે. જિલ્લામાં વાતાવરણમાં પલટાથી ખેડૂતો ચિંતિત છે.

અરવલ્લી જિલ્લામાં સવારથી વાદળછાયું વાતાવરણ છે. માવઠા જેવા માહોલને કારણે ખેડૂતોની ચિંતા વધી છે. ખેડૂતોને ઘઉં, મકાઈ, ચણાના પાકને નુકસાનની ભીતિ છે. રવિ સિઝનમાં વાતાવરણમાં પલટાથી ચિંતા વધી છે. જિલ્લામાં ૧ લાખ ૪૫ હજાર હેક્ટરમાં વાવેતર છે. મધ્ય ગુજરાતના ભાગોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. વડોદરા શહેરના વાતાવરણમાં પલટો આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ પડ્યો છે. સાવલી તાલુકાના ગામોમાં માવઠું થયું છે. ભરશિયાળે તેજ પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. સુરત ગ્રામ્યમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. મોડીરાત્રે સુરત ગ્રામ્યમાં અલગ-અલગ વિસ્તારોમાં કમોસમી માવઠું થયું છે.

ચોમાસામાં વરસાદ હોય એમ મોડીરાત્રે વરસાદ વરસ્યો છે. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સાથે જ મધ્ય ગુજરાતના ભાગોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. વડોદરાના ગ્રામ્ય વિસ્તારોમાં સવારે કમોસમી વરસાદ પડ્યો છે. સાવલી તાલુકાના ગામોમાં માવઠું થયું છે. ભરશિયાળે તેજ પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. ભરૂચ જીલ્લામાં માવઠાની અસર જોવા મળી રહી છે. દહેજ પંથકના ગામોમાં કમોસમી વરસાદ પડ્યો છે. અહીં વિજળીના કડાકા સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદના પગલે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. ખેડૂતોના શિયાળુ પાકને નુકશાન થવાની ભીતી છે. રાજ્યમાં અનેક જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો, તો બીજી તરફ આણંદ જિલ્લામાં છૂટોછવાયો વરસાદ થયો છે. ભાવનગરના ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે માવઠું થયું છે. કમોસમી વરસાદની ચણા, જીરું, રાયડાના પાક પર અસર થવાની ભીતિ છે. યાર્ડમાં સંગ્રહિત અને બહાર પડેલા તૈયાર માલને લઇને ભીતિ સેવાઇ રહી છે. ડુંગળી સહિતના તૈયાર પાકને નુકસાન થયાની પણ શક્યતા છે. રાજયમાં કમોસમી વરસાદ-માવઠા તેમજ વાદળછાયા વાતાવરણની શક્યતા વચ્ચે આજે વહેલી સવારે કમોસમી વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજયમાં કમોસમી વરસાદ-માવઠા તેમજ વાદળછાયા વાતાવરણની શક્યતા છે. કમોસમી માવઠાને કારણે વાતાવરણ ભેજવાળું તેમજ વાદળછાયું પણ જોવા મળ્યું છે. રાજયના ૧૦ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ગત મોડીરાતથી જ રાજ્યના કેટલાક વિસ્તારોમાં કડાકા ભડાકા સાથે વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં આગાહી વચ્ચે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં માવઠું થયું છે.

**રાજ્યમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો, સુરત, ભાવનગર, ભરૂચમાં મોડીરાત્રે માવઠું, વડોદરાના કેટલાક વિસ્તારો, પંચમહાલ સહિતના વિસ્તારોમાં વરસાદ : ભરશિયાળે વરસાદથી ખેડૂતોના શ્વાસ અધ્ધર**

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## સુરતમાં ડમ્પર અને બસ વચ્ચે અકસ્માતમાં બે ના મોત

**(એજન્સી) સુરત,**
ગુજરાતમાં અકસ્માતોની સંખ્યામાં વધારો થયો છે. દિવસે દિવસે વધી રહેલા અકસ્માતોને કારણે મોતના આંકડા પણ વધી રહ્યાં છે. હાઈવે પર ઓવર સ્પીડને કારણે લોકો પોતાનો જીવ ગુમાવી બેસે છે. સુરત જિલ્લાના કોસંબા નજીક ગમખ્વાર અકસ્માતનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. કારને બચાવવા ડમ્પર ચાલકે બ્રેક મારી તો પાછળથી આવતા બસ ચાલકે ધડાકાભેર બસને ડમ્પરના પાછળના ભાગે ટક્કર મારી દીધી હતી. આ અકસ્માત એટલી હદે ગંભીર હતો કે જેસીબીની મદદ લઈને લાશો બહાર કાઢવી પડી હતી. આ ઘટનામાં બેના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત જિલ્લાના કોસંબા નજીક નેશનલ હાઈવે પર પસાર થતા ડમ્પરનાં પાછળના ભાગે ધડાકાભેર લકઝરી બસ અથડાતા બેનાં સ્થળ પર જ મોત નિપજ્યા હતા. જ્યારે ૪ ઈજાગ્રસ્તોને ૧૦૮ની મદદથી તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ડમ્પરની આગળ ચાલી રહેલા કારનાં ચાલકે હાઈવે પર અચાનક બ્રેક મારતા ડમ્પર ચાલકે પણ બ્રેક મારી હતી. ત્યારે હાઈવે પર પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલી લકઝરી બસ ડમ્પરની પાછળ જ હતી. જેના કારણે ડમ્પર ચાલકે એકદમથી બ્રેક મારતા બસ ચાલક બ્રેક ન મારી શક્યોને બસ ધડાકાભેર ડમ્પરના પાછળના ભાગે અથડાઈ હતી. અકસ્માતમાં ડ્રાઈવર અને અન્ય એક પુરુષ મુસાફરનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતુ. અકસ્માતમાં ડ્રાઈવર તરફના ભાગની લકઝરી બસનો ફૂરચો બોલી ગયો હતો. જેથી બસમાંથી લોકોના મૃતદેહને બહાર કાઢવા માટે ક્રેન બોલાવાની ફરજ પડી હતી અને બસના પતરા ખેંચીને લાશો બહાર કાઢવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઈજાગ્રસ્તોને લકઝરીમાંથી બહાર કાઢી ૧૦૮ની ૩ જેટલી ટીમોની મદદ લઈ કામરેજની દિનબંધુ અને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. હાલ બંને મરનારનાં મૃતદેહનો કબ્જો લઈ કોસંબા પોલીસે પી.એમ માટેની કાર્યવાહી હાથ ધરી છે.

## ડો. શોભા મિશ્રાનો તેમના ઘરમાંથી મૃતદેહ મળતાં તંત્ર દોડતું થયું

**(એજન્સી) રાજકોટ,**
રાજકોટ મેડિકલ કોલેજના પીએસએમ વિભાગના વડા ડો, શોભા મિશ્રાનો ઘરમાંથી મૃતદેહ મળી આવતાં તંત્ર દોડતું થયું છે. પોલીસને ઘટનાની જાણ થતાં જ ઘટના સ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. હાલમાં પોલીસે તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. પ્રાથમિક રીતે તેમનું હૃદય રોગના હૂમલાને કારણે અવસાન થયુ હોય તેવી આશંકા સેવાઈ રહી છે. પરંતુ સાચુ કારણ તેમનો પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ જાણવા મળશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજકોટ મેડિકલ કોલેજના પીએસએમ વિભાગના વડા ડો. શોભા મિશ્રાને તેમની ગોધરા રહેતી દીકરીએ અનેક ફોન કર્યાં હતાં પરતુ તેમણે ફોન રીસીવ કર્યો નહોતો. ત્યાર બાદ તેમની દીકરીએ પાડોશીને ફોન કર્યો હતો. જ્યારે પાડોશી તેમના ઘરે પહોંચ્યા તો દરવાજો બંધ હતો. આ દરમિયાન કંઈક અજૂગતુ થયાની જાણ થતાં તેમણે આસપાસના પાડોશીઓને પણ બોલાવી દીધા હતા. બીજી બાજુ મેડિકલ કોલેજનો સ્ટાફ પણ ત્યાં તાત્કાલિક રીતે દોડી આવ્યો હતો. દરવાજો બંધ હોવાથી તેને તોડવામાં આવ્યો હતો અને અંદર ડો. શોભા મિશ્રા તેમના બેડ પર મૃત હાલતમાં જોવા મળ્યા હતાં. કોલેજના સ્ટાફ દ્વારા પમ્પિંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ કોઈ સફળતા મળી નહોતી. આ બાબતની જાણ પ્રદ્યુમ્નનગર પોલીસને કરતાં પોલીસ તાત્કાલિક ધોરણે દોડી આવી હતી.

# આંકલાવ સબ પોસ્ટ ઓફિસમાં તસ્કરો ત્રાટક્યા : ૨૨ લાખની ચોરી

**આણંદ,**
આંકલાવની સબ પોસ્ટ ઓફિસમાં મોડી રાત્રે ત્રાટકેલા તસ્કરોએ અંદર ઘુસી તિજોરીમાંથી રૂ.૨૨ લાખ જેવી માતબર રકમની ચોરી કરતાં ખળભળાટ મચી ગયો છે. આ અંગે તાત્કાલિક પહોંચેલી સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી હતી. પરંતુ કોઈ પગેરૂ મેળવી શકી નહતી. હાલ આ અંગે ગુનો નોંધ્યો હતો. આંકલાવ ખાતે આવેલી સબ પોસ્ટ ઓફિસમાં રોજેરોજની અંદાજે પાંચ લાખની લેવડદેવડ થતી રહે છે. આ સબ પોસ્ટ ઓફિસની નીચે છ ગામડાની બ્રાન્ચ પોસ્ટ ઓફિસ આવેલી છે.ઓફિસમાં ૫૦ હજારથી વધુમાં ૭૫ હજારની રોકડ રાખવાની કેપેસિટી છે.જયારે રોજના ૫ લાખની લેવડદેવડનો હિસાબ રહે છે.જેના હિસાબી નાણાં રોજેરોજ આંકલાવ પોસ્ટ ઓફિસમાં જમા થાય છે. છેલ્લા અઠવાડીયાથી અંદાજીત રોજીંદી સિલક રૂ.૧૮ લાખ રહેતી હતી. તેમાંય ૨૭મીના રોજ સાંજે પોસ્ટ ઓફિસ બંધ કરી તે વખતે રૂ.૨૫,૯૯,૦૯૩ની હતી.

જે પોસ્ટ ઓફિસ બંધ કરી ચાવી સબ પોસ્ટ માસ્તર ગફુરભાઈ આદમભાઈ વ્હોરા પાસે હતી. આ દરમિયાનમાં શનિવાર સવારે પોસ્ટ ઓફિસમાં ચોરી થયાની જાણ થતાં ગફુરભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં અને જોયું તો વપરાશવાળા શટરમાંથી અંદર જતાં કાચવાળા બારણેથી જોતા તિજોરી તુટેલી હતી. આ અંગે ઉચ્ચ કક્ષાએ જાણ કરતાં અધિકારીઓ તાબડતોબ સ્થળ પર પહોંચ્યાં હતાં.જોકે, કાચવાળો દરવાજો ખુલતો ન હોઈ મિસ્ત્રીને બોલાવી ખોલાવી અંદર જતાં જોયેલો તો મેઈન તિજોરીનો દરવાજો કોઈએ કટરથી કાપેલો હતો.બીજી તિજોરી તથા રોકડના કબાટ ખુલ્લા જણાતાં હતાં. રેકર્ડ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. મુખ્ય તિજોરીનો દરવાજો કટરથી કાપેલો હતો. અંદર તપાસ કરતાં રૂ.૨૫,૯૯,૦૯૩ હતી. જેની તપાસ કરતા અને હિસાબ કરતાં રૂ.૩,૯૩,૭૫૩ રોકડ તિજોરીમાં પડેલા મળી આવ્યાં હતાં. જેથી રૂ.૨૨,૦૫,૩૪૦ની ચોરી થયાનું જણાયું હતું.

# અમદાવાદના કેટલાક વિસ્તારોમાં કરા પડ્યા

અમદાવાદ: મોડીરાતથી જ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે. મોડીરાતથી જ રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદ જોવા મળ્યો હતો. જે બાજે આજે શનિવારે બપોરે અમદાવાદ શહેરમાં પણ કમોસમી વરસાદ પડ્યો છે. શહેરના નારોલ, અસલાલી, લાંભા સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. ત્યારે શહેરના એસપી રીંગ રોડ પર કરા સાથે વરસાદ પડ્યો છે. હાથીજણ સર્કલ રોડ પર કરા પડ્યા છે. સાથે જ આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે.

અમદાવાદની જેમ જ અમરેલીના બગસરા પંથકનાં અનેક ગામોમાં કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા છે. ઉપરાંત અહીં બગસરાના હામાપૂરમાં કરા પડ્યા છે.

કરા પડવાની સાથે હામાપૂરમાં ધોધમાર વરસાદ પડ્યો છે. બગસરાના સમઢિયાળામાં પણ કમોસમી વરસાદી ઝાપટું પડ્યું છે. હામાપુર ગામમાં ચોમાસા જેવો ધોધમાર વરસાદ ખાબક્યો છે. હામાપુર વિસ્તારમાં ખેતીપાકોને વ્યાપક નુકશાન થવાની ભીતિ છે.

અમદાવાદના ઘણા વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. બપોરે શહેરના ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. વટવા, નારોલ, લાંભા, રામોલ, મણીનગરમાં વરસાદ પડ્યો છે. ઈસનપુરમાં બપોરે માવઠું પડ્યું છે. આજે સવારથી ધૂમ્મસભર્યુ વાતાવરણ હતું, ત્યારે બપોરે વરસાદ ખાબક્યો છે. બીજી બાજુ, ઈસનપુરમાં સમૂહલગ્ન દરમિયાન વરસાદ થતા દોડધામ મચી હતી. સવારથી સુસવાટાભર્યા પવન વચ્ચે બપોરે કમોસમી વરસાદ પડ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદ જોવા મળ્યો છે.

રાજ્યના ભરશિયાળે વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ગત મોડીરાતથી જ રાજ્યના કેટલાક વિસ્તારોમાં કડાકા ભડાકા સાથે વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં આગાહી વચ્ચે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યમાં સુરત, ભાવનગર, ભરૂચમાં મોડીરાત્રે માવઠું થયું છે. સાથે જ આ સવારે વડોદરાના કેટલાક વિસ્તારો, પંચમહાલ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. આવામાં ભરશિયાળે ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા છે. કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. ખેતરમાં ડાંગર, બાજરી સહિત અનેક પાકોને નુકસાન થવાની શક્યતા જણાઈ રહી છે.

## લીંબડીથી ચોટીલા જતા યુવાનના બાઇકને ડમ્પરે અડફટે લેતા અકસ્માત

**(એજન્સી) સુરેન્દ્રનગર,**
પોતાની પુત્રીની માનતા પુરી કરવા લીંબડીથી ચોટીલા જતા યુવાનના બાઈકને એક ડમ્પરે અડફટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં અકસ્માત બાદ રોડ પર પસાર થતા વાહનચાલકો તેમજ પોલીસ દ્વારા ઈજાગ્રસ્ત યુવાનને સરકારી દવાખાને ખસેડાયો હતો.

પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ગોઝારા અકસ્માતની પ્રાપ્ત વિગતાનુસાર શ્રમજીવી પરિવારના અંકુશભાઇ ભરતભાઇ કાવેઠીયા તથા તેમના પત્ની તેજલ બેન બંને બાઈક લઈને લીંબડી કામ પતાવી ત્યાંથી નાની પુત્રીને કમળો થયેલો હોય તેની માનતા પુર્ણ કરવા જતા સમયે સાંજે ખુબ જ ઠંડીના કારણે પત્નીએ ના કહેતા તેઓ એકલા જવા નીકળ્યા હતા.

આ સમયે સાયલા હાઈવે પર સરકારી અનાજના ગોડાઉન પાસે એક ડમ્પરના ચાલકે આજુબાજુ જોયા વગર વાળવા સમયે અંકુશભાઇના બાઈકને અડફટે લેતાં તેમને ગંભીર ઈજા થવા પામી હતી.અકસ્માત બાદ ચાલક વાહન લઈ નાસી છૂટતા ઈજાગ્રસ્ત યુવાનને પોલીસ તેમજ રાહદારીઓ દ્વારા તુરંત સાયલા સરકારી દવાખાને લઈ જવાયો હતો.

પરંતુ માથાના ભાગમાં ઈજાઓ થવાને કારણે સારવાર મળે તે પહેલા જ તેનું પ્રાણપંખેરુ ઉડી જતા બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી.

આ બાબતે મૃતકના પત્ની તેજલબેને બેફીકરાઈથી વાહન ચલાવી અકસ્માત સર્જી નાસી છૂટેલા ડમ્પર ચાલક વિરુદ્ધ ફરીયાદ નોંધાવતા સાયલા પોલીસના એચ.બી.સોળમીયા દ્વારા અકસ્માતે મોત અંગેનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા ડમ્પર ચાલકને ઝડપી લેવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## ડભોડામાં ખેડૂતના ઘરમાં ચોરી થઇ

**(એજન્સી) ગાંધીનગર,**
ગાંધીનગરના ડભોડાનો ખેડૂત પરિવાર બાબરીના પ્રસંગમાં ગયો હતો. જેનો લાભ ઉઠાવી તસ્કરો ઓરડીના તાળા તોડી સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂ. ૪.૨૨ લાખનો મુદ્દામાલ ચોરી ફરાર થઈ જતાં ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના ડભોડા ગામની સીમ બુટાકીયા પરામાં ૨૧ વર્ષીય નગીન ગાભાજી ઠાકોર તેની માતા સવિતાબેન, પત્ની અંકીતા તથા દીકરી હેમાંગી સાથે રહે છે. જ્યારે તેનો મોટો ભાઈ માધવ ભઈજીપુરા ખાતે તેના પરિવાર સાથે રહે છે. ગઈકાલે સવારે નગીન સહિતના પરિવારજનો ઓરડીને તાળું મારી બુટાકીયા ગામમાં બાબરીના પ્રસંગે ગયા હતા. જ્યાં પ્રસંગ પૂર્ણ કરીને બપોરના ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઓરડીનું તાળું તૂટેલું જોઈ ચોંકી ઉઠયા હતા. બાદમાં ઘરમાં તપાસ કરતાં તિજોરીમાંથી સવા ત્રણ તોલાનો સોનાનો સેટ, ત્રણ તોલાનાં સોનાના લોકીટ બે, એક તોલાની સોનાની ચેઈન, ચારસો ગ્રામ વજનના ચાંદીના કડલાં, અઢીસો ગ્રામની ચાંદીની કોબીયો તેમજ ત્રણસો ગ્રામ વજનના ચાંદીના જુડા નંગ - ૨ મળી કુલ રૂ. ૪.૨૨ લાખના દાગીના તસ્કરો ચોરીને ફરાર થઈ ગયા હતા.

# શિવરાજપુર બીચ ખાતે બે દિવસીય રમણીય રેતશિલ્પ મહોત્સવનો પ્રારંભ

**(એજન્સી) દ્વારકા,**
ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા બે દિવસીય રેતશિલ્પ મહોત્સવનો શિવરાજપુર બીચ ખાતે આજરોજ મહાનુભાવોના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો.



આ રેતશિલ્પ મહોત્સવમાં વિવિધ રેતશિલ્પકારોએ અદભુત પ્રકારના શિલ્પ બનાવીને પોતાની આગવી કળા પ્રદર્શિત કરી હતી. જેને જોવા માટે લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રીકૃષ્ણ-અર્જુન, દ્વારકાધીશ મંદિર, લાલ કિલ્લો, જી-૨૦ સિમ્બોલ, જલપરી, સોમનાથ મહાદેવ શિવલિંગ, હનુમાનજી, ઓખો જગથી નોખો તથા ગણેશજીની સુંદર પ્રતિકૃતિ બનાવી હતી.

આ રેતશિલ્પ મહોત્સવની મુખ્ય થીમ રણ સંગ્રામ મધ્યે શ્રીકૃષ્ણાર્જુન છે. જે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને રણ સંગ્રામ સમયે ગીતા ઉપદેશ આપ્યો હતો તેનું નિદર્શન કરે છે. જે આગવી ભારતીય સંસ્કૃતિની ઝલક દર્શાવે છે. આ તકે લલિત કલા અકાદમીના સચિવ ટી.આર.દેસાઈએ જણાવ્યું હતું કે, 'ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રેતસિલ્પ કલાકારોને પોતાની આગવી ઓળખ ઉજાગર કરવાની તક મળે તેમજ પ્રવાસન સાથળ શિવરાજપુર ખાતે ફરવા આવતા સહેલાણીઓને ભારતીય સંસ્કૃતિ તથા રેતશિલ્પ કલા વધુ જાણકારી મળે તે હેતુથી મહોત્સવ આયોજન કરવામાં આવ્યું છે.' આ રેતશિલ્પ મહોત્સવમાં બહોળી સંખ્યામાં આવેલ સહેલાણીઓએ શિલ્પોનો લાહવો નિહાળ્યો હતો. અને શિલ્પકારોએ રેતમાં વિવિધ પ્રકારની શિલ્પો તૈયાર કરીને લોકોનું ધ્યાન આકર્ષીત કર્યું હતું.

## રસ્તે રખડતાં ૨૫ જેટલા શ્વાન અને ગલુડિયાને માર મારી મોતને ઘાટ ઉતારાયા

**(એજન્સી) રાજકોટ,**
ગુજરાતના સોમનાથ જિલ્લાના એક ગામમાં રસ્તે રખડતાં ઓછામાં ઓછા ૨૫ શ્વાન અને ગલુડિયાઓને લોકો દ્વારા કથિત રીતે માર મારી મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હોવાનું ધ્યાનમાં આવતાં એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ્સમાં રોષ ફેલાયો છે.

મૂંગા જીવ સાથે આ ગુનો થોડા દિવસ પહેલા વેરાવળ તાલુકાના આજોઠા ગામમાં આચરવામાં આવ્યો હતો. ક્રૂરતાના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે. એનિમલ વેલ્ફર બોર્ડે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને પણ આ કૃત્યમાં સામેલ શખ્સો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરતી રજૂઆત કરી છે. મળેલી માહિતી પ્રમાણે, ગામમાં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું અને સ્થાનિકોએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. વાયરલ થયેલા વીડિયો પરથી તે સ્પષ્ટ થતું હતું કે, ગામના લોકોએ કૂતરાઓને શોધ્યા હતા અને લાકડીથી ફટકારતાં તેમના મોત થયા હતા. કેટલાક કૂતરાને બોરીમાં ભરીને માર મારવામાં આવ્યો હતો. પીડાના કારણે કૂતરાઓનો રડવાનો અવાજ પણ વીડિયોમાં સંભળાતો હતો. રાજ્યના એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય રાજેન્દ્ર શાહે ગીર સોમનાથના સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ અને જિલ્લા કલેકટરને પત્ર લખીને જવાબદારો સામે કડક કાર્યવાહીની માગ કરી હતી. શાહે કહ્યું હતું કે 'સ્થાનિક સત્તાધીશો દ્વારા નાના ગામડાઓમાં એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ લાગુ કરવામાં આવતા નથી. પરિણામે, કૂતરાઓની વસ્તી વધી રહી છે. જો કે, તેમના પર આવી ક્રૂરતા આચરવી તે ફોજદારી ગુનો છે અને અમે ગુનેગારો સામે કાર્યવાહીની નિંદા કરીએ છીએ. ગીરસોમનાથના સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ મનોહરસિંહ જાડેજાએ વાતચીતમાં કહ્યું હતું કે, 'અમે વીડિયો મળ્યા બાદ આ આરોપોની ચકાસણી કરવા માટે એક ટીમ મોકલી છે. અમને હજી સુધી કોઈ પુરાવા મળ્યા નથી અને કોઈ પણ ફરિયાદ કરવા માટે આગળ આવ્યું નથી. જો કૂતરાઓની સામૂહિક હત્યાનો અમે પુરાવો મળ્યો તો અમે ગુનો નોંધીશું'.

# અમદાવાદ મનપાનું આર્થિક વસ્ત્રાહરણ રોકવા સરકારે ગ્રાન્ટરૂપી ચીર પૂર્યા

**(દેવેન્દ્ર શાહ)**
**અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ ના થઈ રહેલા વસ્ત્રહરણને રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ રૂપી ચીર પુરી બચાવવામાં આવ્યા છે રાજ્ય સરકાર તરફથી ઓક્ટ્રોય અવેજી ગ્રાન્ટના ત્રણ હપ્તા એડવાન્સમાં આપતા મ્યુનિસિપલ કોર્પોરેશનને રાહત થઈ છે સાથે સાથે કોન્ટ્રાક્ટરોને પણ જીવમાં જીવ આવ્યો છે.

અમદાવાદ શહેરના વિકાસ પર આર્થિક મંદીની બ્રેક વાગી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા સમયસર મદદ કરવામાં આવતો વિકાસ અને પ્રજા કે કામો ઝડપથી પૂર્ણ થાય તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે રાજ્ય સરકાર તરફથી મ્યુનિસિપલ કોર્પોરેશનને દર મહિને ઓક્ટ્રોય અવેજી ગ્રાન્ટ આપવામાં આવે છે પરંતુ મનપા ની નબળી આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સરકાર તરફથી જાન્યુઆરીથી માર્ચ મહિના સુધીની ત્રણ મહિનાની ગ્રાન્ટ એડવાન્સમાં આપવામાં આવી છે આમ, મ્યુનિસિપલ કોર્પોરેશન તિજોરીમાં એક સાથે રૂપિયા ૨૭૯ કરોડ જમા થયા છે તે એવી જ રીતે સ્વર્ણિમ જયંતિ અંતર્ગત સરકાર દ્વારા રૂપિયા ૧૧૮ કરોડ આપવામાં આવ્યા છે જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ સ્વર્ણિમ પેટે રૂપિયા ૧૭૦ કરોડ આપવામાં આવ્યા હતા જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનની નાણાકીય સ્થિતિ હળવી બની છે. રાજ્ય સરકારની ખાનગી સોસાયટીઓ માટેની જન ભાગીદારી યોજના માટે મનપાત દ્વારા ૪૨ કરોડ માંગવામાં આવ્યા હતા જે પૈકી ૭૨ કરોડ સરકાર તરફથી આપવામાં આવ્યા હતા. જ્યારે ૭૦ કરોડ રૂપિયા લેવાના બાકી હતા રાજ્ય સરકારે ૭૦:૨૦:૧૦ ની સ્કીમમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને ૨૫ કરોડ રૂપિયા આપ્યા છે તેથી સદર યોજનામાં કામોની ઝડપ વધશે તેમ માનવામાં આવે છે. શહેરની હદમાં સમાવેશ થયેલ નવા વિસ્તારોના વિકાસ માટે સરકાર તરફથી આઉટ ઓફ ગ્રોથ હેડ અંતર્ગત આપવામાં આવ્યા છે જાન્યુઆરી મહિનામાં સરકાર દ્વારા મનપાને રૂપિયા ૬૦૦ કરોડ કરતાં વધુ રકમ આપવામાં આવી છે જેના કારણે કોર્પોરેશનને આર્થિક દ્રષ્ટિએ ઘણી જ રાહત થઈ છે એક અંદાજ મુજબ એક મહિના અગાઉ ખાનગી કોન્ટ્રાક્ટરોના બિલ પેટે રૂ.૩૫૦ કરોડ ચુકવવાના બાકી હતા જે હવે માત્ર રૂપિયા ૧૧૦ કરોડ જ બાકી રહ્યા છે જ્યારે નર્મદા નીર સહિતના બીલો પેટે સરકારને રૂપિયા ૪૦૦ કરોડ ચૂકવવાના રહે છે.

**સરકારે ત્રણ મહિનાની એડવાન્સ ઓક્ટ્રોય ગ્રાન્ટ આપી : ૭૦:૨૦:૧૦ સ્કીમમાં વધારાની રકમ આપી**

અત્રે નોંધનીય છે કે ચાલુ વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ ખાદ્ય માં ચાલી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૨ના અંત સુધી મ્યુનિસિપલ બજેટમાં રૂ.૩૦૦ કરોડની ખાદ્ય હતી. તેમજ સમયસર પેમેન્ટ ના થવાના કારણે કોન્ટ્રાક્ટરો ધ્વારા કામ બંધ કરવાની અને નવા કામ શરૂ ના કરવાની ચેતવણી આપવામાં આવી હતી.

તેમજ સમયસર બજેટ બુક ન થવાના કારણોસર વહીવટી તંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ઘર્ષણ પણ થતું હતું. નબળી આર્થિક સ્થિતિ ને ધ્યાનમાં લઈ કમિશનરે પાણી, ડ્રેનેજ અને રોડના કામોને પ્રાધાન્ય આપવા આદેશ કર્યો છે.

# અમદાવાદમાં કબૂતરબાજી કરનારા દલાલોનો રાફડો ફાટ્યો

**(એજન્સી) અમદાવાદ,**
વિદેશ જવાનું સપનું જોઈ રહેલા યુવાઓનાં બોગસ ડોક્યુમેન્ટ બનાવીને વિદેશમાં મોકલીને છેતરપિંડી આચરતા બે શાતિર ગઠિયાઓનો પર્દાફાશ ક્રાઇમ બ્રાંચે કર્યો છે. ક્રાઇમ બ્રાંચે રેડ દરમિયાન ૩૯ પાસપોર્ટ, ૫૫ રબર સ્ટેમ્પ, તેમજ વિવિધ ડોક્યુમેન્ટ જપ્ત કર્યા છે. વિદેશમાં લઈ જવાની લાલચ આપીને યુવાઓ પાસેથી ગઠિયાઓ લાખો રૂપિયા પડાવતા હતા. પોલીસ સૂત્રોનાં જણાવ્યા અનુસાર કેટલાક ગઠિયાઓએ યુવાઓના લાખો રૂપિયા લઈને તેમને વિદેશમાં નહીં મોકલીને કબૂતરબાજી પણ કરી હોવાની શક્યતા છે.

ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, સીજી રોડ વિસ્તારમાં આવેલા દેવપથ કોમ્પ્લેક્સમાં આવેલી સાયોના હોલિડે નામની ઓફિસમાં ચીટિંગનો ધંધો ચાલી રહ્યો છે. સાયોના હોલિડેના માલિક ભાવિન રાજેન્દ્રભાઈ પટેલ (રહે, વ્રજધામ એપાર્ટમેન્ટ, ચાણક્યપુરી) અને જસ્મિન અશોકભાઈ પટેલ (રહે, હર્ષિત પાર્ક સોસાયટી, ઘાટલોડિયા) બોગસ સ્ટેમ્પના આધારે ખોટા દસ્તાવેજો ઊભા કરીને યુવાઓને વિદેશમાં મોકલી રહ્યા છે.

બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચની ટીમે દરોડા પાડ્યા હતા, જેમાં પોલીસને ૩૯ પાસપોર્ટ, કમ્પ્યુટર, પેનડ્રાઇવ, ૫૫ સ્ટેમ્પ, ખોટા દસ્તાવેજો, કંપનીના લેટર પેડ સહિતની ચીજવસ્તુઓ મળી આવી હતી. ડોક્યુમેન્ટ મામલે પૂછપરછ કરતાં બંને આરોપીઓએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહીં, જેથી ક્રાઇમ બ્રાંચે તેમની ધરપકડ કરી છે. બોગસ ડોક્યુમન્ટ ઊભા કરીને બંને ગઠિયાઓ યુવાઓ પાસેથી લાખો રૂપિયા પડાવી રહ્યા હતા. લગભગ દોઢેક વર્ષથી બંને ગઠિયાઓ ચીટિંગ કરવાનો ધંધો કરતા હતા જેનો પર્દાફાશ ગઈ કાલે ક્રાઇમ બ્રાંચે કર્યો છે.

ક્રાઈમ બ્રાંચની ટીમે જસ્મિન અને ભાવિનની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે ત્યારે હજુ પણ બીજાં નામ આવે તેવી શક્યતા છે. બંને આરોપીઓ રોનક સોની નામના યુવક પાસેથી ડોક્યુમેન્ટ બનાવતા હોવાનું સામે આવ્યું છે. રોનકની ધરપકડ બાદ વધુ નામ સામે આવે તેવી શક્યતા છે ત્યારે બંને જણા જે એજન્ટોના સંપર્કમાં હતા તેમની વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, થોડાક સમય પહેલાં વિદેશમાં જવાનું ઈચ્છતા યુવાઓના બોગસ ડોક્યુમેન્ટ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ એસઓજીની ટીમે કરતા પિતા પુત્ર સહિત પાંચ શખ્સની ધરપકડ કરી હતી. બેંકોના ડોક્યુમેન્ટથી લઈને સરકારી કચેરીઓના તમામ ડોક્યુમેન્ટ દિલ્હી દરવાજા ખાતે આવેલી એક ફેક્ટરીમાં બનતા હતા. એસઓજીની ટીમે બોગસ ડોક્યુમેન્ટ, રબ્બર સ્ટેમ્પ, તેમજ પાસપોર્ટ સહિતની ચીજવસ્તુઓ કબજે કરીને અત્યાર સુધીના સૌથી મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

આ સિવાય એલિસબ્રિજ પોલીસે થોડા સમય પહેલા વિદેશમાં જવા માટે ઈચ્છતા યુવાઓની બોગસ માર્કશીટ બનાવવાનું કૌભાંડ પકડી પાડ્યું હતું. અમદાવાદમાં તેમજ ગુજરાતમાં વિદેશમાં લઈ મોકલનાર હજારો કંપનીઓ તેમજ એજન્ટો કાર્યરત છે જે એક ચેઈન બનાવીને કામ કરે છે.

ક્રાઈમ બ્રાંચે કમ્પ્યૂટર જપ્ત કર્યાં છે જેમાં શંકાસ્પદ ફોલ્ડર મળી આવ્યાં હતાં. જેમાં સંખ્યાબંધ ફાઈલો હતી. આ તમામ ડેટાનું એનાલિસિસ કરતા સંખ્યાબંધ એજન્ટોનાં નામ સામે આવ્યાં છે.

**ક્રાઈમ બ્રાંચે ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની એક ઓફિસમાં દરોડા પાડી ૩૯ પાસપોર્ટ, ૫૫ બોગસ રબર સ્ટેમ્પ જપ્ત કર્યા**

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
**ગોવિંદભાઈ ધોરીભાઈ પટેલ**
(સૈજપુર બોઘા – હાલ અમેરિકા)
નું તા. ૨૧–૧–૨૦૨૩, શનિવારે અમેરિકા ખાતે દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં.
સદ્‌ગતનું બેસણું તા. ૩૦–૧–૨૦૨૩ને સોમવારે સવારે ૮–૩૦ થી ૧૧–૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
*પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના*
સ્થળ:
વૈશાલી સોસાયટી, ગાયત્રી સોસા. રોડ, સૈજપુર બોઘા, નરોડા રોડ, અમદાવાદ.
વિષ્ણુભાઈ ગોવિંદભાઈ પટેલ - M.94288 01253
મહેન્દ્રભાઈ ગોવિંદભાઈ પટેલ - M. +1 (732) 491-3675